## ઐતિહાસિક દિવસની ઐતિહાસિક ઉજવણી

# દેશ-વિદેશના ખુણે ખુણે ઉજવાયો શ્રી ખોડલધામ પંચવર્ષીય પાટોત્સવ

## દેશ-વિદેશમાં ૧૦,૦૦૮થી વધુ જગ્યાએ શ્રી ખોડલધામ પંચવર્ષીય પાટોત્સવને નિહાળી મા ખોડલની આરતી કરવામાં આવી



### ભરૂચ ખાતે બહોળી સંખ્યામાં લોકોએ સોશિયલ મીડિયા અને ટીવી ચેનલના માધ્યમથી પંચવર્ષીય પાટોત્સવ નિહાળ્યો

----------

**ભરૂચઃ**
૨૧ જાન્યુઆરી, ૨૦૨૨ને શુક્રવારના દિવસે શ્રી ખોડલધામ પંચવર્ષીય પાટોત્સવની ભવ્યાતિભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. શ્રી ખોડલધામ ટ્રસ્ટ-કાગવડ દ્વારા શ્રી નરેશભાઇ પટેલના માર્ગદર્શન હેઠળ કોરોનાની ગાઈડલાઈનને ધ્યાને રાખીને શ્રી ખોડલધામ પંચવર્ષીય પાટોત્સવની ઉજવણી રંગેચંગે કરવામાં આવી હતી. પંચવર્ષીય પાટોત્સવ નિમિત્તે શ્રી ખોડલધામ મંદિરે સવારે મહાયજ્ઞ યોજવામાં આવ્યો હતો. ત્યારબાદ સવારે ૯ વાગ્યે શ્રી ખોડલધામ ટ્રસ્ટ-કાગવડની ડોક્યુમેન્ટરી, ધ્વજારોહણ, મહાઆરતી, શ્રી નરેશભાઇ પટેલનો સમાજજોગ સંદેશ અને રાષ્ટ્રગાન સહિતના કાર્યક્રમનું ઓનલાઈન પ્રસારણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમને દેશ-વિદેશના ખુણે ખુણેથી બહોળી સંખ્યામાં લોકોએ નિહાળ્યો હતો અને મા ખોડલની આરતી કરી હતી. ભરૂચ ખાતે પણ ઝાડેશ્વર ચોકડી નજીક આવેલ રૂત કોમ્પલેક્ષ ખાતે સમાજના લોકોએ મા ખોડલની આરતી કરીને ખોડલધામ કાગવડથી લાઈવ ટેલીકાસ્ટ કાર્યક્રમને નિહાળ્યો હતો આ વેળાએ સમાજના આગેવાનો તેમજ સમાજજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

## રવિવારે નાણામંત્રી કનુભાઇ દેસાઇના હસ્તે

# ઉમરપાડા અને માંગરોળના સામૂહિક આરોગ્ય કેન્દ્રો ખાતે ઓક્સિજન પ્લાન્ટોનું લોકાર્પણ થશે

### ૬૦ ઓક્સિજન બેડ ઉપલબ્ધ બનશે

-------

**સુરતઃ**
કોરોનાની ત્રીજી લહેરને પહોંચી વળવા માટે જિલ્લા વહીવટીતંત્ર સજ્જ બન્યું છે. સુરત જિલ્લાને છેવાડે આવેલા માંગરોળ અને ઉમરપાડા તાલુકાની સરકારી હોલ્ખિટલો ખાતે ૨૫૦-૨૫૦ ???ની ક્ષમતાવાળા ઓક્સિજન પ્લાન્ટોનું નિર્માણ કરવામાં આવ્યંત છે. જેનું તા.૨૩મીએ રવિવારે નાણા, ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગના મંત્રી અને સુરત જિલ્લા પ્રભારીમંત્રીશ્રી કનુભાઇ દેસાઇના હસ્તે લોકાર્પણ કરવામાં આવશે.

માંગરોળ તાલુકા શાહ ખાતે સામૂહિક આરોગ્ય કેન્દ્ર ખાતે રૂા.૨૯.૯૫ લાખના ખર્ચે ૨૫૦ ???ની કેપેસીટીના ઓ★ળજન પ્લાન્ટ સાથે ૩૦ ઓકિસજન બેડની સુવિધા ઉપલબ્ધ થશે. આ જ રીતે ઉમરપાડા સામુહિક આરોગ્ય કેન્દ્ર ખાતે પણ રૂા.૨૯.૯૫ લાખના ખર્ચે નિર્મિત થયેલા ખર્ચે ૨૫૦ ???ની કેપેસીટીના ઓક્સિજન પ્લાન્ટ સાથે ૩૦ ઓક્સિજન બેડની સુવિધા ઉપલબ્ધ થશે. આમ કોરોનાની લહેર વચ્ચે છેવાડાના આદિવાસી વિસ્તારના કોરોના દર્દીઓ માટે ઓક્સિજનપ્લાન્ટો આશીર્વાદરૂપ બનશે.

# ભરૂચ જિલ્લા કક્ષાની મેન્યુઅલ સ્કેવેન્જર્સ તકેદારી સમિતિની બેઠક જિલ્લા કલેકટરના અધ્યક્ષસ્થાને મળી

**ભરૂચઃ** ધી પ્રોહીબીશન ઓફ એલ્પ્લિઠમયમેન્ટ એઝ મેન્યુઅલ સ્કેવેન્જર્સ એન્ડ ધેર રીહેબીટેશન એક્ટ-૨૦૧૩ ના અસરકારક અમલીકરણ થાય તે માટે જિલ્લા કક્ષાની મેન્યુઅલ સ્કેવેન્જર્સ તકેદારી સમિતિની ડીસેમ્બર-૨૦૨૧ અંતિત બેઠક જિલ્લા કલેકટરશ્રી તુષાર સુમેરાના અધ્યક્ષસ્થાને કલેક્ટર કચેરી સભાખંડમાં મળી હતી. બેઠકમાં જૂન-૨૦૨૧ અંતિત મળેલ બેઠકની કાર્યવાહી નોંધને બહાલી આપ્યા બાદ મેન્યુઅલ સ્કેવેન્જર્સ એક્ટ-૨૦૧૩ હેઠળ બનેલ બનાવોની સમીક્ષા તથા તેની તપાસ અંગેની અને દેખરેખની ચર્ચા કરવામાં આવી હતી. આ ઉપરાંત મેન્યુઅલ સ્કેવેન્જર્સની સામાજિક અને આર્થિક રીતે પુનઃસ્થાપન માટેની કાર્યવાહી અંગેની ચર્ચા તેમજ સફાઇ કામદારોને સલામતી માટે લેવાયેલ પગલાંની સમીક્ષા કરવામાં આવી હતી.

કલેક્ટરશ્રીએ ઉક્ત એક્ટના અસરકારક અમલીકરણ માટે જુદા જુદા વિભાગોને જરૂરી માર્ગદર્શન પુરૂ પાડી એક્ટ હેઠળ બનાવવામાં આવેલ નિયમોના અનુસંધાને જે પણ કામગીરી સોંપવામાં આવે તે તમામ પ્રકારની કામગીરી કરવાની રહેશે તેમ જણાવ્યું હતું.

બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી યોગેશ ચૌધરી, અનુસૂચિત જાતિ કલ્યાણના નાયબ નિયામકશ્રી મિત્તલ પટેલ, જિલ્લાની નગરપાલિકાઓના ચીફ ઓફિસરશ્રીઓ, સબંધિત વિભાગના અમલીકરણ અધિકારીગણ તેમજ સભ્યશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# કરાર આધારિત કાયદા અધિકારીશ્રીની ૧૧ માસની મુદ્દત માટે નિમણૂંક કરવા અંગે

### અરજદારની ઉંમર ૫૦(પચાસ) વર્ષથી વધુ ન હોવી જોઇએ

**ભરૂચઃ** કલેક્ટર કચેરી ખાતે ૧૧(અગિયાર) માસની મુદ્દત પુરી થતાં કરાર આધારિત કાયદા અધિકારીશ્રીની ૧૧ માસની મુદ્દત માટે નિમણૂંક કરવા અંગેની અખબારી યાદી તા.૦૪/૦૧/૨૦૨૨ અને તા.૦૬/૦૧/૨૦૨૨ થી બહાર પાડવામાં આવેલ હતી. જેમાં મુદ્દા નં.૧ માં અરજદારની ઉંમર-૪૦(ચાલીસ) વર્ષથી વધુ હોવી જોઈએ નહી તેવુ દર્શાવેલ હતું જેમાં સરકારશ્રીના ઠરાવ મુજબ સુધારો કરી ?અરજદારની ઉંમર-૪૦(ચાલીસ) વર્ષને બદલે ૫૦(પચાસ) વર્ષથી વધુ ન હોવી જોઇએ? તે મુજવ વાંચવું. આ અંગેની અરજીઓ તા.૦૪/૦૧/૨૦૨૨ના રોજ પ્રસિધ્ધ કરવામાં આવેલ અખબારીયાદી મુજબ લાયકી ધોરણો/અનુભવ ધરાવતા ઉમેદવારોશ્રી પાસેથી તા.૩૧/૦૧/૨૦૨૨ સુધીમાં કલેક્ટર કચેરી, ભરૂચ ખાતે રૂબરૂ/ટપાલ મારફત મળી જાય તે રીતે અરજી કરવાની મુદ્દત લંબાવવામાં આવે છે એમ જિલ્લા મેજીસ્ટ્રેટ ભરૂચ દ્વારા એક અખબારી યાદીમાં જણાવ્યું છે.

## વરાછાથી જ્યોતિબેન રાવલ લાપતા

**સુરતઃ** નાયબ પોલીસ કમિશનરની કચેરી, ક્રાઇમ, ડી.સી.બી., સુરતના જણાવ્યા અનુસાર, તા.૨૭/૧૨/૨૦૨૧ ના રોજ ઘર નં.એલ-૩૪૨, રેણુકાભવ સોસાયટી, પુણા-બોમ્બે માર્કેટ રોડ, વરાછા (મુળ વતન-મંડળવાળીગામ, થાના-જાવાલ, તા-શીરોહી (રાજસ્થાન) માં રમેશભાઇ રાવલના ૧૯ વર્ષીય દીકરી જ્યોતિબેન ઉર્ફે જેનિશાબેન ગુમ થયાં છે. તેઓ શરીરે મધ્યમ બાંધાના, રંગે ઘઉં વર્ણના અને ઉંચાઇ ૪.૬ ફુટ છે. તેમણે આછા કેશરી કલરનું ટોપ અને કાળા કલરની જીન્સ પેન્ટ પહેરેલ છે. જે કોઇને ભાળ મળે તેમણે નજીકના પોલીસ સ્ટેશન અથવા વરાછા પોલીસ સ્ટેશનનો સંપર્ક કરવા વિનંતી છે.

## પૂણાથી મોનીબેન દોરે અઢી વર્ષીય પુત્ર સાથે ગુમ થયાં છે

**સુરતઃ** નાયબ પોલીસ કમિશનરની કચેરી, ક્રાઇમ, ડી.સી.બી., સુરતના જણાવ્યા અનુસાર તા.૨૫/૧૨/૨૦૨૧ ના રોજ ઘર નં.૦૪, વિઠ્ઠલવાડી, સારોલી, પુણા (મુળ વતન-ડડુઆ, ગામ,તા-લાર, પોસ્ટ-અંધીયારી, થાના-ડભોઇ, જિ-ભીંડ (મધ્યપ્રદેશ) માં રહેતા ૨૩ વર્ષીય મોનીબેન દોરે અને ૨.૫ વર્ષીય પુત્ર વંશ ગુમ થયાં છે. તેઓ શરીરે મધ્યમ બાંધાના, રંગે ઘઉંવર્ણના અને ઉંચાઇ ૫.૦ ફુટ અને વંશ શરીરે પાતળા બાંધાના, રંગે શ્યામ વર્ણના અને ઉંચાઇ ૨.૦ ફૂટ છે. મોનીબેને ગુલાબી ડ્રેસ અને વંશે કાળા કલરની કોટી પહેરેલ છે. જે કોઇને ભાળ મળે તેમણે નજીકના પોલીસ સ્ટેશન અથવા પુણા પોલીસ સ્ટેશનનો સંપર્ક કરવા વિનંતી છે.

## કતારગામમાં રહેતા જયેશભાઇ ચૌધરી ગુમ થયા છે

**સુરતઃ** નાયબ પોલીસ કમિશનરની કચેરી, ક્રાઇમ, ડી.સી.બી., સુરતના જણાવ્યા અનુસાર, તા.૩૦/૧૨/૨૦૨૧ ના રોજ ૬૭-૬૮, ઉદયનગર, કતારગામ (મુળ વતન-ભરડવા, ગામ,તા-સુઇગામ, જિ-બનાસકાંઠા) માં રહેતા ૧૮ વર્ષીય જયેશભાઇ ચૌધરી ગુમ થયાં છે. તેઓ શરીરે પાતળા બાંધાના, રંગે ઘઉં વર્ણના અને ઉંચાઇ ૫.૮ ફુટ છે. તેમણે લાલ પ્રિન્ટવાળો શર્ટ અને બ્લુ પેન્ટ પેન્ટ પહેરેલ છે. જે કોઇને ભાળ મળે તેમણે નજીકના પોલીસ સ્ટેશન અથવા કતારગામ પોલીસ સ્ટેશનનો સંપર્ક કરવા વિનંતી છે.

## કતારગામમાં રહેતા તેજલબેન દેવગણિયા ગુમ થયા છે

**સુરતઃ** નાયબ પોલીસ કમિશનરની કચેરી, ક્રાઇમ, ડી.સી.બી., સુરતના જણાવ્યા અનુસાર તા.૨૯/૧૨/૨૦૨૧ ના રોજ ઘર નં.૨૧, ઉદયનગર, વિભાગ-૨, કતારગામ (મૂળ ગામ-હાડીડા, તા-સાવરકુંડલા, જિ.અમરેલી)માં નીલેશભાઇ દેવગણિયાના ૩૫ વર્ષીય પત્ની તેજલબેન ગુમ થયાં છે. તેઓ શરીરે પાતળા બાંધાના, રંગે ઘઉં વર્ણના અને ઉંચાઇ ૫.૩ ફુટ છે. જે કોઇને ભાળ મળે તેમણે નજીકના પોલીસ સ્ટેશન અથવા કતારગામ પોલીસ સ્ટેશનનો સંપર્ક કરવા વિનંતી છે.

## કુટુંબના મુખ્ય કમાઉ વ્યક્તિના કિસ્સામાં રાષ્ટ્રીય કૌટુંબિક આર્થિક સહાય યોજનાનો લાભ મળી શકે છે

**સુરત :** કેન્દ્ર સરકાર દ્વારા રાષ્ટ્રીય કૌટુંબિક આર્થિક સહાય યોજના (નેશનલ ફેમિલી બેનીફિટ સ્કીમ) કાર્યરત છે. આ યોજનાનો લાભ મેળવવા ભારત સરકારે નક્કી કરેલ ધોરણો મુજબ ગરીબી રેખા હેઠળની યાદીમાં પીડિત કુટુંબનો સમાવેશ થયેલ હોવો જોઇએ, કુટુંબના મુખ્ય કમાઉ વ્યક્તિ સ્ત્રી કે પુરૂષનું મૃત્યુ કુદરતી રીતે અથવા અકસ્માતથી થયેલું હોવું જોઇએ, મૃત્યુ પામનાર પુરૂષ કે સ્ત્રીની ઉંમર ૧૮ વર્ષથી વધુ અને ૬૫ વર્ષથી ઓછી હોવી જોઇએ, પરંતુ મૃત્યુ પછીના બે વર્ષની સમયમર્યાદામાં અરજી કરવાની રહેશે. ઉપરોક્ત યોજના અંતર્ગત કુદરતી કે અકસ્માતે મૃત્યુ પામનારના કુટુંબને રૂ.૧૦ હજારની સહાય મળવાપાત્ર રહેશે. યોજનામાં જોડાવા શહેરી વિસ્તાર માટે જે તે પ્રાંત કચેરીમાં અરજી કરવાની રહે છે, જ્યારે ગ્રામ્ય વિસ્તાર માટે આ યોજના હેઠળ નાયબ જિલ્લા વિકાસ અધિકારીશ્રીને અરજી કરી શકાશે. પાલિકાવિસ્તારમાં મહાનગરપાલિકાના કમિશનરને અરજી કરવાની રહે છે. વધુમાં આ યોજના હેઠળની રકમ મંજૂર કરવાની સત્તા ઉપરોક્ત અધિકારીશ્રીને રહેશે.

## નહેરૂ યુવા કેન્દ્ર દ્વારા ગ્રામીણ યુવાનો માટે સરકારી આર્ટસ અને કોમર્સ કોલેજમાં એક દિવસીય તાલીમ કાર્યક્રમ યોજાયો

**સુરતઃ** કેન્દ્ર સરકારના યુવા કાર્યક્રમ અને ખેલ મંત્રાલય હેઠળના નહેરૂ યુવા કેન્દ્ર, સુરત દ્વારા મહુવા તાલુકાના કાછલ સ્થિત સરકારી આર્ટસ અને કોમર્સ કોલેજમાં 'ટ્રેનિંગ ઓફ યુથ ઇન યુથ વેલનેસ પોઝિટીવ લાઇફસ્ટાઇલ એન્ડ ફિટ ઇલ્ન્ડિયા' વિષય ગ્રામીણ યુવાનો માટે સકારાત્મક જીવનશૈલી અપનાવવા અંગેનો એક દિવસીય તાલીમ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં ૬૦ વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. મહુવા તાલુકા રાષ્ટ્રીય સ્વયંસેવક વ્યાસ શિવમ તથા સરકારી આર્ટસ અને કોમર્સ કોલેજના પ્રોફેસર શ્રીમતિ ડો.પદ્માબેન તડવી દ્વારા આયોજિત આ કાર્યક્રમમાં યોગગુરૂ ડો. ભૂમિકાએ યુવાનોને માનસિક સ્વાસ્થ્ય અને યોગ તેમજ ટ્રેનર શેહઝાદ બોડિલાએ જીવનકૌશલ્યો અને સંવર્ધનની તાલીમબદ્ધ કર્યા હતાં. જિલ્લા યુવા અધિકારીશ્રી સચિન શર્માએ કાર્યક્રમમાં વિશેષ માર્ગદર્શન પૂરૂ પાડ્યું હતું.

## તા.૨૩મીનો નાણામંત્રી કનુભાઇ દેસાઇનો સુરત જિલ્લાનો પ્રવાસ કાર્યક્રમ

**સુરતઃ** નાણા, ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ મંત્રી અને સુરત જિલ્લા પ્રભારી મંત્રીશ્રી કનુભાઇ દેસાઇ તા.૨૩/૦૧/૨૦૨૨ ના રોજ સવારે ૧૦.૦૦ વાગ્યે ઉમરપાડા તાલુકાના બરડી ખાતે ૬૬ કે.વી સબ સ્ટેશનનું ભૂમિ પૂજન કરશે. ત્યારબાદ ૧૦.૩૦ વાગ્યે ઉમરપાડામાં સામૂહિક આરોગ્ય કેન્દ્ર ખાતે નવનિર્મિત ઓ★ળજન પ્લાન્ટનું લોકાર્પણ કરશે. બપોરે ૨.૦૦ વાગ્યે માંગરોળ તાલુકામાં શાહ ખાતે ૬૬ કે.વી.સબ સ્ટેશનનું ભૂમિપૂજન અને ૩.૦૦ વાગ્યે શાહ ખાતે સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં ઓ★ળજન પ્લાન્ટનું લોકાર્પણ કરશે. આ કાર્યક્રમ પૂર્ણ થયે વાપી જવા રવાના થશે.

## ડાંગમા 'કોરોના' સંદર્ભે શરૂ કરાયો રાઉન્ડ ધી ક્લોક કંટ્રોલ રૂમ

**(ડાંગ માહિતી બ્યુરો): આહવાઃ તાઃ ૨૧ઃ** 'કોવિડ-૧૯'ની સાંપ્રત પરિસ્થિતિ અંગે પ્રજાજનોને સાચુ માર્ગદર્શન તથા માહિતી મળી રહે તે માટે, જિલ્લા કક્ષાએ રાઉન્ડ ધી ક્લોક કંટ્રોલ રૂમ શરૂ કરાયો છે.

# જિલ્લા તકેદારી સમિતિની ત્રિમાસિક સમીક્ષા બેઠક કલેક્ટરના અધ્યક્ષસ્થાને મળી

**ભરૂચ**
જિલ્લા તકેદારી સમિતિની સપ્ટેમ્બર-૨૦૨૧ તથા ડીસેમ્બર-૨૦૨૧ અંતિત બે ક્વાર્ટરની ત્રિમાસિક સમીક્ષા બેઠક કલેક્ટરશ્રી તુષાર સુમેરાના અધ્યક્ષથાને કલેક્ટર કચેરીના સભાખંડમાં મળી હતી. બેઠકમાં એજન્ડા મુજબ કાર્યસુચિ અંગે ચર્ચા કરવામાં આવી હતી. જેમાં સપ્ટેમ્બર-૨૦૨૧ તથા ડીસેમ્બર-૨૦૨૧ અંતિત બનેલ અત્યાચારના બનાવોની સમીક્ષા કરવામાં આવી હતી.

આ ઉપરાંત ચાર્જશીટ બાકી બનાવોની સમીક્ષા, ચાર્જશીટ થયેલ અને કોર્ટ ધ્વરા સાબિત/નાસાબિત અને કોર્ટ પડતર કેસોની સમીક્ષા, પોલીસ રક્ષણવાળા ગામોની સમીક્ષા તથા પોલીસ રક્ષણ ચાલુ રાખવાની ચર્ચા, અનુસૂચિત જાતિઓ ઉપરના અત્યાચરની કામગીરી સંભાળતા સરકારી વકીલોની કામગીરીની સમીક્ષા, અનુસૂચિત જાતિ ઉપરના અત્યાચારવાળા સંવેદનશીલ વિસ્તારોમાં અત્યાચારો રોકવા અંગેના ઉપાયો અને વિસ્તારોના વિકાસ અંગેની સમીક્ષા, અનુસૂચિત જાતિઓ ઉપરના અત્યાચારના બનેલ બનાવોમાં સહાય ચૂકવવા તથા સહાય ચૂકવવાના બાકી કેસોની સમીક્ષા, તાલુકા તકેદારી સમિતિઓની પુનઃ રચના કરવા તેમજ બેઠકો નિયમિત મળે તે અંગેની કાર્યવાહીની સમીક્ષા, ડોક્ટર આંબેડકર ફાઉન્ડેશન ન્યુ દિલ્હી હેઠળ કરેલ કાર્યવાહીની ચર્ચા બેઠકમાં કરવામાં આવી હતી.

આ બેઠકમાં કલેક્ટરશ્રીએ ઉક્ત તમામ બાબતોએ ઝીંણવટભરી સમીક્ષા કરી હતી અને યોગ્ય માર્ગદર્શન પુરૂં પાડ્યું હતું. બેઠકમાં જિલ્લા પંચાયત પ્રમુખશ્રીમતિ અલ્પાબેન પટેલ, જિલ્લા વિકાસ અધિકારી યોગેશ ચૌધરી, અનુસૂચિત જાતિ કલ્યાણના નાયબ નિયામકશ્રી મિત્તલ પટેલ, નાયબ પોલીસ અધિક્ષકશ્રી, સબંધિત વિભાગના અમલીકરણ અધિકારીગણ તેમજ તકેદારી સમિતિના સભ્યશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.


### ફોર્મ એ
## જાહેર નોટીસ

(નાદારી અને નાદારી બોર્ડ ઓફ ઇન્ડિયાના નિયમન હેઠળ ૬ (કોર્પોરેટ વ્યક્તિઓ માટે નાદારીની રિઝોલ્યુશન પ્રક્રિયા) રેગ્યુલેશન્સ, ૨૦૧૬)

**ગોવિંદા ઇન્ડસ્ટ્રીઝ પ્રાઇવેટ લિમિટેડના ક્રેડીટસોને ધ્યાન લેવામા આવે**

**સંબંધિત વિગતો**

| | |
|---|---|
| કોર્પોરેટ દેવાદારનું નામ | **ગોવિંદા ઇન્ડસ્ટ્રીઝ પ્રાઇવેટ લિમિટેડ** |
| કોર્પોરેટ દેવાદારની સમાવિષ્ટની તારીખ | ૦૯.૦૨.૨૦૧૬ |
| અધિકૃત કે જેના હેઠળ કોર્પોરેટ દેવાદારના સમાવેશ થાય છે/ નોંધાયેલ છે | કંપનીના રજિસ્ટ્રાર-મુંબઇ |
| કોર્પોરેટ ઓળખ નંબર / મર્યાદિત જવાબદારી કોર્પોરેટ દેવાદારની ઓળખ નંબર. | U74900MH2016PTC272946 |
| રજિસ્ટર્ડ ઓફિસનું સરનામું અને કોર્પોરેટ દેવાદારનું પ્રિન્સિપલ ઓફીસ (જો કોઈ હોય તો). ઓફીસ | રજીસ્ટર્ડ ઓફીસ : ૪૦૧, દેવપુજા નોર્થ એવેન્યુ રોડ, સાંતાક્રુઝ (પશ્ચિમ), મુંબઇ ૪૦૦૦૫૪<br>ક.નં. ૨૬૨/૧,૩ અને ૫, કોસ્ટલ હાઇવે ગામ દુનેતા, નાની દમણ, દમણ, દમણ અને દીવ, ૩૯૬૨૧૦ |
| કોર્પોરેટ દેવાદારના સંદર્ભમાં નાદારીની શરૂઆત તારીખ | ૧૫-૧૨-૨૦૨૧ (ઓર્ડર ૧૫-૧૨-૨૦૨૧ પર પસાર થયો અને ૧૯-૦૧-૨૦૨૨ ના રોજ ઓર્ડરની હાર્ડ કોપી) |
| નાદારીની રીઝોલ્યુશન પ્રક્રિયાને બંધ કરવાની અનુમાનિત તારીખ | ૧૩.૦૬.૨૦૨૨ |
| નાદારી પ્રોફેશનલનું નામ અને નોંધણી નંબર ઇન્ટરિમ રીઝોલ્યુશન પ્રોફેશનલ તરીકે અભિનય કરે છે | નિતિન અગ્રવાલ<br>IBBI /IPA-001 /I P - P 02345 / 2021-22/13531 |
| બોર્ડ સાથે રજિસ્ટર્ડ તરીકે, ઇન્ટરિમ રીઝોલ્યુશન પ્રોફેશનલનું સરનામું અને ઈ-મેલ | ડી - ૬૦૪, આરએનએ રીજન્સી પાર્ક સી.સી. લિ., એમ. જી. રોડ, દાહનુક્વાડી, કાંદીવલી વેસ્ટ, મુંબઈ- ૪૦૦૦૬૭<br>**Initinagrawal206@gmail.com** |
| ઇન્ટરિમ રિઝોલ્યુશન પ્રોફેશનલ સાથે પત્રવ્યવહાર માટે સરનામું અને ઈ-મેલનો ઉપયોગ કરવો | ડી - ૬૦૪, આરએનએ રીજન્સી પાર્ક સી.સી. લિ., એમ. જી. રોડ, દાહનુક્વાડી, કાંદીવલી વેસ્ટ, મુંબઈ- ૪૦૦૦૬૭<br>**cirp.govinda@gmail.com** |
| દાવાઓની રજૂઆત માટે છેલ્લી તારીખ | ૦૩-૦૨-૨૦૨૨ (સીઆઈઆરપીની શરૂઆતની તારીખથી ૧૪ દિવસ) (ઓર્ડર ૧૫-૧૨-૨૦૨૧ પર પસાર થયો અને ૧૯.૦૧.૨૦૨૨ ના રોજ ઓર્ડરની હાર્ડ કોપી પ્રાપ્ત થઈ) |
| ક્રેડિટર્સના વર્ગો, જો કોઈ હોય, તો કલમ ૨૧ ની ઉપ-વિભાગ (૬ એ) ની કલમ (બી) હેઠળ, ઇન્ટરિમ રિઝોલ્યુશન પ્રોફેશનલ દ્વારા નિશ્ચિત | લાગુ પડતું નથી |
| નાદારી પ્રોફેશનલ્સના નામ ક્લાસમાં લેણદારોના અધિકૃત પ્રતિનિધિ તરીકે ઓળખાય છે (દરેક વર્ગ માટેના ત્રણ નામો) | લાગુ પડતું નથી |
| (એ) સંબંધિત ફોર્મ્સ અને<br>(બી) અધિકૃત પ્રતિનિધિઓની વિગતો અહીં ઉપલબ્ધ છે | **Weblink :https:// ibbi.gov.in/home/downloads**<br>**શારીરિક સરનામું**<br>ડી - ૬૦૪, આરએનએ રીજન્સી પાર્ક સી.સી. લિ., એમ. જી. રોડ, દાહનુક્વાડી, કાંદીવલી વેસ્ટ, મુંબઈ- ૪૦૦૦૬૭ |

નોટિસ અહીં આપવામાં આવી છે કે નેશનલ કંપની લૉ ટ્રાયબ્યુનલને ૧૫ ડિસેમ્બર, ૨૦૨૧ ના રોજ ગોવિંદા ઇન્ડસ્ટ્રીઝ પ્રાઇવેટ લિમિટેડની કોર્પોરેટ નાદારી રિઝોલ્યુશન પ્રક્રિયાના પ્રારંભનો આદેશ આપ્યો છે. ગોવિંદા ઇન્ડસ્ટ્રીઝના લેણદારો ખાનગી લિમિટેડના તેમના દાવાઓ સાથે તેમના દાવાઓ સબમિટ કરવા માટે અહીં બોલાવે છે અથવા ૦૩.૦૨.૨૦૨૨ પહેલાં એન્ટ્રી નં. ૧૦ સામે ઉલ્લેખિત સરનામા પર અંતર્ગત રિઝોલ્યુશન પ્રોફેશનલ માટે. નાણાકીય લેણદારો ફક્ત ઈલેક્ટ્રોનિક માધ્યમથી સાબિતી સાથેના તેમના દાવાઓ સબમિટ કરશે.
અન્ય તમામ લેણદારો પોસ્ટ દ્વારા અથવા ઈલેક્ટ્રોનિક માધ્યમો દ્વારા, વ્યક્તિમાં પુરાવા સાથે દાવા સબમિટ કરી શકે છે. એન્ટ્રી નં .૧૨ વિરુદ્ધ સૂચિબદ્ધ એક વર્ગથી સંબંધિત એક નાણાકીય લેણદાર, એન્ટ્રી નં .૧૩ સામે સૂચિબદ્ધ ત્રણ નાદારીના વ્યાવસાયિકોની પસંદગી સૂચવે છે, જે વર્ગના અધિકૃત પ્રતિનિધિ તરીકે કાર્ય કરે છે [વર્ગને સ્પષ્ટ કરો] સી.એ. પુરાવાવાળા દાવાઓ નીચે મુજબના ફોર્મ્સ મુજબ સબમિટ કરવામાં આવે છે
**ફોર્મ બીઃ** - કામદારો અને કર્મચારીઓ સિવાયના ઓપરેશનલ લેણદારો દ્વારા દાવાઓ માટે.
**ફોર્મ સીઃ** - નાણાકીય લેણદારો દ્વારા દાવાઓ માટે.
**ફોર્મ ડીઃ** - બાયકોર્કમેન ઓરાન કર્મચારીના દાવાઓ માટે.
**ફોર્મ ઈઃ** - કામદારો અને કર્મચારીઓના અધિકૃત પ્રતિનિધિ દ્વારા દાવાઓ માટે.
**ફોર્મ એફઃ** - અન્ય લેણદારો દ્વારા દાવાઓ માટે.
ઉપરોક્ત સ્વરૂપોની કોપી : https://ibbi.gov.in/home/downloads માંથી ડાઉનલોડ કરી શકાય છે.

**સહી/-**
**નિતિન અગ્રવાલ**
**ઇન્ટરીમ રીઝોલ્યુશન પ્રોફેશનલ**
**IBBUIPA-001/1P-P02345/2021-22/13531**

**સ્થળ : મુંબઇ**
**તારીખ : ૨૧.૦૧.૨૦૨૨**



## LYKA LABS LIMITED

Gr.Floor, Spencer Building, 30, Forjett Street, Grant Road (West), Mumbai: 400036
CIN:L24230GJ1976PLC008738: Website : www.lykalabs.com

**UNAUDITED FINANCIAL RESULTS FOR THE QUARTER AND NINE MONTHS ENDED 31ST DECEMBER, 2021** (₹ in lakh)

| Sr. No. | Particulars | STANDALONE | | | CONSOLIDATED | | |
|---|---|---|---|---|---|---|---|
| | | Quarter ended 31st December, 2021 | Nine Months ended 31st December, 2021 | Quarter ended 31st December, 2020 | Quarter ended 31st December, 2021 | Nine Months ended 31st December, 2021 | Quarter ended 31st December, 2020 |
| | | Unaudited | Unaudited | Unaudited | Unaudited | Unaudited | Unaudited |
| 1 | Total Income from Operations | 2,818.23 | 13,666.58 | 1,891.23 | 3,557.36 | 15,889.98 | 2,681.41 |
| 2 | Net Profit / (Loss) for the period (before Tax, Exceptional and/or Extraordinary items) | 588.32 | 6,472.78 | (357.09) | 654.22 | 6,507.84 | (240.24) |
| 3 | Net Profit / (Loss) for the period before tax (after Exceptional and/or Extraordinary items) | 606.12 | 6,286.26 | (321.26) | 672.01 | 6,136.28 | (199.14) |
| 4 | Net Profit / (Loss) for the period after tax (after Exceptional and/or Extraordinary items) | 567.93 | 5,513.77 | (306.42) | 608.57 | 5,406.98 | (226.51) |
| 5 | Total Comprehensive Income for the period [Comprising Profit / (Loss) for the period (after tax) and Other Comprehensive Income (after tax)] | 564.11 | 5,497.31 | (316.67) | 604.75 | 5,390.52 | (236.76) |
| 6 | Equity Share Capital | 2,869.00 | 2,869.00 | 2,869.00 | 2,869.00 | 2,869.00 | 2,869.00 |
| 7 | Reserves (excluding Revaluation Reserve) as shown in the Audited Balance Sheet of the previous year*# | (2,428.08) | (2,428.08) | (991.07) | (5,448.67) | (5,448.67) | (4,303.46) |
| 8 | Earnings Per Share (of ₹ 10/- each)** (for continuing and discontinued operations) - | | | | | | |
| | 1. Basic: | 1.97 | 19.19 | (1.08) | 2.11 | 18.83 | (0.80) |
| | 2. Diluted: | 1.97 | 19.19 | (1.08) | 2.11 | 18.83 | (0.80) |

* Balances for the quarter and nine months ended 31st December, 2021 represents balances as per the audited Balance Sheet for the year ended 31st March, 2021 and balances for the quarter ended 31st December, 2020 represents balances as per the audited Balance Sheet for the year ended 31st March, 2020 as required by the SEBI (Listing and Other Disclosure Requirements) Regulations, 2015.
\# Excludes non-controlling interest.
** EPS is not annualized for the quarter and nine months ended 31st December, 2021 and quarter ended 31st December, 2020
The standalone & consolidated unaudited financial results of the company for the quarter and nine months ended 31st December, 2021 have been reviewed by Audit Committee at their meeting held on 20th January, 2022 and approved by the Board of Directors in its meeting held on 20th January, 2022. The Statutory Auditors of the Company have reviewed above results for quarter and nine months ended 31st December, 2021.
Note :- The above is an extract of the detailed format of quarter ended financial results for 31st December, 2021 filed with the Stock Exchanges under Regulation 33 of the SEBI (Listing and Other Disclosure Requirements) Regulation, 2015. The full format of the quarterly financial results are available on the Stock Exchanges Websites **www.nseindia.com**; **www.bseindia.com** and on company's website **www.lykalabs.com**.

**For & on behalf of the Board of Directors**
**Sd/-**
**Kunal.N.Gandhi (DIN No: 01516156)**
**(Managing Director)**

**Place: Mumbai**
**Date:- 20th January, 2022**